સ્માર્ટ માંડવી તરફ ડગલાં: નવા વર્ષમાં ગટર, શિક્ષણ, આરોગ્યની સુવિધા મળશે

માંડવી નગરપાલિકાનું ૩.૩૯.૭૨ કરોડનું બજેટ સર્વાનુમતે મંજૂર

હિતેશ પટેલ

માંડવી: માંડવી નગરપાલિકાની ખાસ સામાન્ય સભા આજે "પંડિત દીનદયાળ ઉપાધ્યાય ભવન" ખાતે પ્રમુખ નિમેષભાઈ એચ. શાહની અધ્યક્ષતા હેઠળ યોજાઈ હતી. આ બેઠકમાં ચીફ ઓફિસર પૂર્વીબેન પટેલ તથા કારોબારી અધ્યક્ષ કિરીટભાઈ પટેલ હાજર રહ્યા હતા. સભામાં સને ૨૦૨૬-૨૭નું રૂ.૩૯.૭૨ કરોડનું બજેટ સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યું હતું. બજેટમાં રૂ. ૧.૦૧ કરોડની પુરાંત દર્શાવવામાં આવી છે.

પ્રસ્તુત બજેટ મુજબ આવક બાજુ રૂ.૨૩.૫૪ કરોડની આવક સાથે રૂ.૧૬.૧૮ કરોડની ઉઘડતી સિલક મેળવી કુલ રૂ.૩૯.૭૨ કરોડ દર્શાવવામાં આવ્યા છે. આવકના મુખ્ય સ્ત્રોતોમાં કરવેરા રૂ.૩.૦૭ કરોડ, અન્ય ફી રૂ.૦.૬૭ કરોડ, મિલ્કત આવક રૂ.૦.૭૮ કરોડ, મહેસુલી આવક રૂ.૨.૨૨ કરોડ અને યોજનાકીય ગ્રાંટ રૂ.૧૩.૮૮ કરોડનો સમાવેશ થાય છે.

જાવક બાજુ કુલ રૂ.૩૮.૭૦ કરોડનો ખર્ચ અંદાજવામાં આવ્યો છે. તેમાં સામાન્ય વહીવટ રૂ.૩.૪૨ કરોડ, પાણી પુરવઠા રૂ.૧.૪૫ કરોડ, ગટર વિભાગ રૂ.૦.૬૭ કરોડ, આરોગ્ય વિભાગ રૂ.૩.૪૦ કરોડ, રોશની વિભાગ રૂ.૦.૬૯ કરોડ, બાંધકામ વિભાગ રૂ.૨.૪૫ કરોડ, બાગ-બગીચા રૂ.૦.૨૦ કરોડ, સમાજ કલ્યાણ રૂ.૦.૪૬ કરોડ, યોજનાકીય તથા અન્ય ગ્રાંટ ખર્ચ રૂ.૨૦.૯૫ કરોડ તથા દેવા વિભાગ રૂ.૧.૮૨ કરોડનો સમાવેશ થાય છે. વર્ષ અંતે રૂ.૧.૦૧ કરોડની બંધ થતી સિલક દર્શાવવામાં આવી છે.

બજેટમાં નગરના સર્વાંગી વિકાસને પ્રાથમિકતા આપવામાં આવી છે. સરકારની વિવિધ ગ્રાંટો, ૧૫મા અને ૧૬મા નાણાંપંચની ગ્રાંટ, તાપી રિવરફ્રન્ટ (ફેઝ-૨) યોજના તેમજ સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના (યુ.ડી.પી.) હેઠળ રસ્તા, પાણી પુરવઠા, ભૂર્ગભ તથા વરસાદી ગટર અને સ્ટ્રીટ લાઇટ સહિતના વિકાસ કાર્યો માટે જરૂરી નાણાકીય જોગવાઈ કરવામાં આવી છે. ઉપરાંત, ગટર કનેક્શન વિહોણા વિસ્તારોમાં કનેક્શન પૂરાં પાડવા, પાણી-ગટર અને રસ્તાઓની મરામત કામગીરી તેમજ મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન હેઠળ સ્વચ્છતા સંબંધિત કામો માટે પણ પૂરતી ફાળવણી કરવામાં આવી હોવાનું જણાવાયું હતું. આ વિકાસલક્ષી બજેટ સભામાં ઉપસ્થિત તમામ સભ્યો દ્વારા સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યું હતું.

અંકલેશ્વર ગડખોલ ટી-બ્રિજ પર ટ્રક અને કાર વચ્ચે અકસ્માત

અંકલેશ્વર: અંકલેશ્વરના ગડખોલ ટી-બ્રિજ ઉપર બેફામ ગતિએ આવી રહેલી ટ્રકે આગળ ચાલી રહેલી ફોર-વ્હીલ કારને પાછળથી જોરદાર ટક્કર મારી હતી. ટ્રકચાલકે અચાનક સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતાં આ અકસ્માત સર્જાયો હતો. ટક્કર એટલી જોરદાર હતી કે કારના પાછળના તેમજ સાઇડના ભાગને ભારે નુકસાન પહોંચ્યું હતું. સદનસીબે જાનહાનિ ટળી હતી, પરંતુ કાર ચાલકને મોટું આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. બ્રિજની વચ્ચે અકસ્માત બનતા જ થોડા જ સમયમાં બંને બાજુ વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી અને ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. ઘટનાની જાણ થતા જ ટ્રાફિક બ્રિગેડના જવાનો તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયા હતા. જેના પગલે ધીમે ધીમે ટ્રાફિક વ્યવહાર ફરી શરૂ કરવામાં આવ્યો હતો. આ બનાવને લઈને થોડા સમય માટે વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

નર્મદા જિલ્લામાં જુગારની ત્રણ ઘટનામાં ત્રણ ઝડપાયા

રાજપીપળા: નર્મદા જિલ્લામાં જુગારની ત્રણ ઘટના બની હતી. પ્રથમ ઘટનામાં રાજપીપળાના નિઝામશાહ વિસ્તારમાં રોનક પ્રોવિઝન સ્ટોરમાં પોલીસે દરોડો પાડી જુગાર રમતા મુસ્તાકખાન પઠાણને ઝડપી પાડ્યો હતો. પોલીસ રેડ દરમિયાન આરોપી પાસેથી આંકડા લખેલી ડાયરી અને રોકડા રૂ.1600 મળી આવ્યા હતા. આ મામલે રાજપીપળા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. બીજી ઘટનામાં તિલકવાડા પોલીસ સ્ટેશન વિસ્તારના ગોધામ ગામે પોલીસે રહેણાક ઘરની પાછળ વરલી મટકાનો જુગાર રમાતો હોવાની બાતમીના આધારે રેડ કરી 38 વર્ષીય ભોપો ઉર્ફે નરેશભાઈ ભીલને ઝડપી પાડ્યો હતો. સાથે રોકડા રૂ.૮૧૦, સ્લિપ બુક અને પેન સહિતનો મુદ્દામાલ જપ્ત કરાયો હતો. ત્રીજી ઘટનમાં તિલકવાડાના સુરજીપુરા ગામ પાસે પોલીસે વરલી મટકાના આંકડા લખી જુગાર રમાડતા મહેશભાઈ પુનાભાઈ ભીલને ઝડપી પાડ્યો છે. પોલીસે રોકડા 690 કબજે કર્યા હતા.

સાંસદ મનસુખ વસાવાએ જાહેર મંચ પરથી વિપક્ષોને ડફોળ કહ્યા!

ડેડિયાપાડામાં ભરૂચના સાંસદ મનસુખ વસાવાએ મર્યાદા ઓળંગી

ડેડિયાપાડા: ડેડિયાપાડા ખાતે થયેલા અભિવાદન કાર્યક્રમમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં જ ભરૂચના સાંસદ મનસુખ વસાવાએ પોતાની મર્યાદા ઓળંગી હોવાનો મામલો સામે આવ્યો છે.

હાલમાં વિધાનસભા સત્ર દરમિયાન ચૈતર વસાવાએ આદિવાસી વિસ્તારોમાં શિક્ષકોની ઘટનો મુદ્દો ગૃહમાં ઉઠાવ્યો હતો. જે બાબતે મનસુખ વસાવાએ મંચ પરથી બળાપો કાઢતા કહ્યું કે, આદિવાસી વિસ્તારોમાં સરકારે સારી શાળાઓ અને કોલેજો બનાવી છે, પણ આ વિકાસ દેખાતો નથી. એટલું જ નહીં, તેમણે આગળ વધતા ચૈતર વસાવા અને વિરોધ પક્ષના નેતાઓ માટે ડફોળ જેવા અનુચિત શબ્દોનો પ્રયોગ પણ કર્યો હતો.

સાંસદે મંચ પરથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ટીકા કરનારાઓ પર આડેહાથે લઈને કહ્યું કે, મોદી સાહેબ ડેડિયાપાડા આવ્યા અને આ લોકો તેમની ટીકા કરે છે. તેમણે આમ આદમી પાર્ટી અને કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા. આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓનો ઉલ્લેખ કરતા મનસુખ વસાવાએ ચીમકી ઉચ્ચારી હતી કે, આગામી ચૂંટણીમાં આમ આદમી પાર્ટીનાં સૂપડાં સાફ કરી નાંખવામાં આવશે. રાજ્યના નાયબ મુખ્યમંત્રી મંચ પર હાજર હોય, ત્યારે સિનિયર સાંસદ દ્વારા વિરોધ પક્ષ સામે આ પ્રકારના તીખા તેવર બતાવતા ચર્ચાનો વિષય બન્યો છે.

બોર્ડ પરીક્ષા કેન્દ્ર પાસેથી વરઘોડો કાઢીને વિદ્યાર્થીઓને ભાજપ ડીસ્ટર્બ કરતો હોવાનો AAPના MLAનો આક્ષેપ

ડેડિયાપાડા પ્રતિબંધ હોવાથી સ્થાનિક AAP ધારાસભ્ય ચૈતર વસાવાએ ગાંધીનગરમાં ભાજપ સરકાર પર ગંભીર આરોપો લગાવ્યા છે. ધો.10 અને 12ની બોર્ડ પરીક્ષાના પ્રથમ દિવસે ઉપમુખ્યમંત્રી, મંત્રીઓ, સાંસદો અને ધારાસભ્યોએ ડેડિયાપાડા ખાતે પરીક્ષા કેન્દ્ર નજીક બેન્ડ સાથે વરઘોડો કાઢીને વિદ્યાર્થીઓને ડિસ્ટર્બ કર્યા છે. સાંસદ મનસુખ વસાવા 7 ટર્મના લોકસભામાં જતા હોવાથી હોવા છતાં પોતાના ગામ જૂના રાજનો રસ્તો ન બનાવી શક્યા. સ્થાનિકોએ રસ્તા માટે માટે પદયાત્રા કરીને મારે ગૃહમાં મુદ્દો લેવો પડ્યો છે. પૂર્વ મંત્રી ગણપત વસાવા પર આરોપ કે તેમણે ખોટા આદિજાતિ પ્રમાણપત્રો આપી બિનઆદિવાસીઓને નોકરી-રાજકીય અનામતનો લાભ અપાવ્યો છે.

સંક્ષિપ્ત સમાચાર

માંડવી નાગરિક બેંકના નવા ચેરમેન જતીનભાઈ શાહનું સન્માન

હિતેશ પટેલ

માંડવી: ખડાયતા સમાજ માંડવી દ્વારા ધી માંડવી નાગરિક સહકારી બેંકના નવનિયુક્ત ચેરમેન જતીનભાઈ શાહનો સન્માન સમારંભ યોજાયો હતો. આ કાર્યક્રમમાં માંડવી નગરપાલિકાના પ્રમુખ નિમેષભાઈ શાહ, ડો.જયેશભાઈ મર્ચન્ટ, મંત્રી ચિરાગ શાહ હાજર રહ્યા હતા. સતીશભાઈ ગાંધી દ્વારા જતીનભાઈ શાહને શાલ ઓઢાડી સન્માનપત્ર અર્પણ કરાયું હતું. પ્રમુખ કૃણાલ ગાંધીએ પોતાના સંબોધનમાં સંસ્થાગત જવાબદારી અને પારદર્શક કામગીરીના મહત્ત્વ પર ભાર મૂક્યો હતો. કાર્યક્રમ દરમિયાન સમાજના વિવિધ ક્ષેત્રોમાં સિદ્ધિ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યાં હતાં.

જંબુસરમાં રહેણાક મકાનમાં આગ લાગી

ભરૂચ: જંબુસરના જોગનાથ મહાદેવ ફળીયામાં રહેતા મંજુબેન ઈશ્વરભાઈ તપોધન ભટ્ટના મકાનમાં આગ લાગી હતી. તેઓ શુક્રવારે વહેલી સવારે સામાજિક કામ અર્થે બહારગામ ગયાં હતાં. બપોરના સમયે ઘરમાંથી ધુમાડો નીકળતા આસપાસના રહીશોએ આગ લાગી હોવાથી દોડી આવ્યા હતા. આગ પર કાબૂ મેળવવાના પ્રયાસો શરૂ કર્યા હતા. સ્થાનિકોની સમયસર મદદથી મોટી દુર્ઘટના ટળી હોવાનું મનાય છે. આ ઘટનાની જાણ જંબુસર નગરપાલિકાના ફાયર ફાઈટરને કરતાં તાબડતોબ દોડી આવ્યા હતા. તેઓની ટીમે આગ પર સંપૂર્ણ કાબૂ મેળવ્યો હતો. આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ જાણવા મળ્યું નથી.

હથોડામાં હુમલા કેસમાં આઠ આરોપીના બે દિવસનાં રિમાન્ડ મંજૂર

હથોડા: હથોડા ગામે ગઈકાલે બનેલી કમનસીબ ઘટનામાં પોલીસે ધરપકડ કરેલા આરોપીઓ પૈકી આઠ આરોપીનાં બે દિવસનાં રિમાન્ડ કોર્ટે મંજૂર કર્યાં છે. જ્યારે 14 જણાને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી આપવામાં આવ્યા હતા. ઘટનાની વિગત એવી છે કે ગઈકાલે હથોડા ગામે ઘટેલી ઘટનામાં બે પોલીસકર્મી અને પોલીસના એક બાતમીદારને ઇજા થયા બાદ 22 જણા સામે ગુનો નોંધાયો હતો. પોલીસે ધરપકડ કર્યા બાદ શુક્રવારે કોર્ટમાં રજૂ કરતાં ધરપકડ કરાયેલા 22 જણા પૈકી આઠ આરોપીનાં બે દિવસનાં રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યાં હતાં. જ્યારે બાકીના 14 જણાને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી આપવામાં આવ્યા હતા.

ધાણીમાં નજીવો, સિંગમાં 20 અને ખજૂરમાં 30 ટકા ભાવવધારો

ભરૂચ જિલ્લામાં હોળી-ધુળેટી પર્વ નિમિત્તે બજારમાં ખરીદીનો માહોલ

પ્રવીણ તેરૈયા

અંકલેશ્વર: રંગોઉત્સવ હોળી ધુળેટી પર્વને લઇ અંકલેશ્વરની બજારોમાં ધીમે ધીમે રંગીન માહોલ જોવા મળી રહ્યો છે. શહેરની બજારોમાં ધાણી, ખજૂર, સિંગ ચણાની હાટડીઓ ઠેરઠેર ગોઠવાઈ છે. તો બીજી તરફ અનેકવિધ રંગો ગુલાલ ઉપરાંત પિચકારીઓ સહિતની ચીજવસ્તુઓની લોકો ઉત્સાહપૂર્વક ખરીદી કરી રહ્યા છે.

હોળી-ધુળેટી પર્વનું અંકલેશ્વરમાં કાઉન-ડાઉન શરૂ થઈ ગયું છે. બજારો તહેવાર અનુરૂપ ચીજવસ્તુઓથી ઉભરાઈ રહી છે. લોકો બજારમાં પિચકારી, કલર, ધાણી, ખજૂરની ખરીદી કરતા જોવા મળી રહ્યા છે. હાલ શિયાળાનું સમાપન અને ઉનાળાનો આરંભ એટલે ફાગ માસ આ માસમાં કલરફુલ ફેસ્ટિવલ એટલે કે હોળી-ધુળેટી પર્વની ઉજવણીઓ કરવામાં આવે છે. શહેરની બજારોમાં ઠેર ઠેર ધાણી ખજૂરની હાટડીઓ ગોઠવાઈ ગઈ છે. જાણે સમગ્ર માર્કેટ ધાણી ખજૂરનું જ હોય એવું લાગી રહ્યું હતું.

ચાલુ વર્ષે ધાણીના ભાવમાં કોઈ વધારો થયો નથી. સિંગમાં 20 ટકા અને ખજૂરમાં ૩૦ ટકાનો ભાવવધારો જોવા મળી રહ્યો છે. હાલ બજારમાં મકાઈની ઈમ્પોર્ટેડ ધાણી 140 રૂપિયે અને બેંગ્લોરી 120 રૂપિયે વેચાય છે. જ્યારે જારની ઓરિસ્સાની ધાણી 80 રૂપિયે અને ટીનીબલ 120 રૂપિયાના ભાવે વેચાય છે. ચણા 120થી 160 ભાવે વેચાણ થઈ રહ્યા છે. જ્યારે સિંગ 200 રૂપિયે અને ખજૂરનું 60થી લઇને 150 ભાવે વેચાણ થઈ રહ્યું છે. હોળી ધૂળેટીના તહેવારમાં રંગોત્સવ સાથે સિંગ, ચણા, ધાણી અને ખજૂરનું પણ મહત્ત્વ રહેલું છે. આ તહેવાર નિમિત્તે લોકો વિવિધ કલર સાથે કફનાશક ધાણી અને ખજૂરની પણ ખરીદી કરતા હોય છે.

એસિડ એટેક કરનાર મહારાષ્ટ્રના સાસરિયાઓને કોર્ટની લપડાક

કોર્ટ બારડોલીની પીડિતાના પક્ષે ઐતિહાસિક ચુકાદો આપી સાસરિયાને દંડ ફટકાર્યો

બારડોલી: બાબેન ગામે રહેતી ૨૫ વર્ષીય રુખયા અસલમ શેખનાં લગ્ન વર્ષ-૨૦૨૩માં મહારાષ્ટ્રના યવતમાલ ખાતે અસલમ શેખ સાથે થયાં હતાં. લગ્નના થોડા દિવસો બાદ જ પતિ, સાસુ અને નણંદ-નણદોઈએ પોતાની અસલી વૃત્તિ બતાવવાનું શરૂ કર્યું હતું. પીડિતાની રજૂઆત મુજબ સાસરિયા દહેજ ઓછું લાવવા બાબતે અને નોકરી કરવા બાબતે અવારનવાર માનસિક ત્રાસ આપતા હતા. અત્યાચારની પરાકાષ્ઠા ત્યારે આવી જ્યારે દહેજની માંગણી સંતોષાય તેમ ન હોવાથી તમામ સાસરિયાએ એકસંપ થઈ રુખયાના મોં પર એસિડ જેવું કેમિકલ રેડી તેને મોતના ઘાટ ઉતારવાનો પ્રયત્ન કર્યો હતો. આ હુમલામાં રુખયાનું મોં બળી ગયું હોવા છતાં સાસરિયાએ તેની સારવાર કરાવી ન હતી અને અંતે તેના પિતાએ આવીને તેને બચાવી હતી. બારડોલીના એડિશનલ સિવિલ જજ જયેશ લક્ષ્મણભાઈ પરમારે આ કેસમાં કડક વલણ અપનાવ્યું છે. કોર્ટે સામાવાળાઓને ૨ લાખ રૂપિયાનું વળતર ચૂકવવાનો આદેશ કર્યો છે. ઉપરાંત પતિને દર મહિને ૧૦,૦૦૦ રૂપિયા ભરણપોષણ અને ૩,૦૦૦ રૂપિયા ઘરભાડું ચૂકવવા હુકમ કર્યો છે.

ઉમરદા ગામના વૃદ્ધનું બાઈક અડફેટે મોત

વાંકલ: ઉમરદાના નિશાળ ફળિયામાં રહેતા 65 વર્ષીય જુરાભાઈ જાતરીયાભાઈ પાડવી રાત્રિના સમયે ખેતરે જઈ રહ્યા હતા, ત્યારે ઉમરદા બસ સ્ટેન્ડ સામે પૂરઝડપે આવતી મોટરસાઇકલ નં.(GJ 26 M 6133)ના ચાલકે તેમને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં જુરાભાઈને માથા અને પગના ભાગે ગંભીર ઈજા પહોંચતાં તાત્કાલિક 108 મારફતે હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા.

"ટુંકી મુદતની જાહેર નિવિદા"
આત્મા પ્રોજેક્ટ વલસાડ
વર્ષ ૨૦૨૫-૨૦૨૬

આત્મા પ્રોજેક્ટ, ખેડુત તાલીમ કેન્દ્ર - પારડી, જિ. વલસાડ દ્વારા વર્ષ ૨૦૨૫-૨૦૨૬ દરમિયાન આત્મા કચેરી વલસાડ હેઠળ ચાલતી યોજના સંદર્ભે ઇન્ટરનલ ઓડિટ અને સ્ટેચ્યુટરી ઓડિટ માટે સી.એ. ફર્મના ભાવો મંગાવવાના થાય છે. તો રસ ધરાવતી ફર્મ દ્વારા પોતાના લેટર હેડ પર ઇન્ટરનલ ઓડિટ અને સ્ટેચ્યુટરી ઓડિટ બન્નેના અલગ અલગ ભાવો ભરી સિલબંધ કવરમાં તારીખ ૧૩-૦૩-૨૦૨૬ સુધીમાં રજિસ્ટર એડી / સ્પીડ પોસ્ટ થી અત્રેની કચેરીને મોકલવાના રહેશે.

સ્થળ - પ્રોજેક્ટ ડાયરેક્ટર, આત્મા પ્રોજેક્ટ, ખેડુત તાલીમ કેન્દ્ર, સ્ટેશન રોડ, કિલ્લા પારડી, જિ. વલસાડ ૩૯૬૧૨૫

તારીખ- ૨૭-૦૨-૨૦૨૬

પ્રોજેક્ટ ડાયરેક્ટર, આત્મા પ્રોજેક્ટ
ખેડુત તાલીમ કેન્દ્ર - પારડી, વલસાડ

ન. માહિતી/વલસાડ/૯૩૩/૨૦૨૬

ગુજરાત સરકાર
નર્મદા જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ.
જાહેર નિવિદા નં. ૨૨, સને ૨૦૨૫-૨૬
પંચાયત સિંચાઇ વિભાગ, નવસારી.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી વતી કાર્યપાલક ઈજનેર, પંચાયત સિંચાઈ વિભાગ, જુનાથાણા, જિલ્લા પંચાયત ભવન, નવસારી. પીન કોડ નં. ૩૯૬૪૪૫ ફોન નં: (૦૨૬૩૭) ૨૪૮૫૦૨ની કચેરી દ્વારા સરકારશ્રી અને એસ.બી.એમ માંથી મંજુર થયેલ ચેકડેમ / ચેકડેમ કમ કોઝવે, વોટર હાર્વેસ્ટિંગ સ્ટ્રક્ચર, એફ.પી, એ.બી.આરના કુલ ૮૬ કામો માટે નવસારી જીલ્લામાં નોંધાયેલ મજુર સહકારી મંડળી પાસેથી ઓનલાઇન ઇ-ટેન્ડરીંગ સીસ્ટમથી ટેન્ડરો મંગાવવામાં આવે છે.

૧. ઓનલાઇન ટેન્ડર સ્વીકારવાની છેલ્લી તારીખ અને સમય	તા. ૧૬/૦૩/૨૦૨૬, ૧૮-૦૦ કલાક સુધી.
૨. સબમિશન ઓફ ટેન્ડર ડોક્યુમેન્ટ	ઇ - ટેન્ડર નોટીસમાં વિગતે દર્શાવ્યા મુજબ ડોક્યુમેન્ટ તા. ૨૩/૦૩/૨૦૨૬ સુધી કચેરી સમય દરમ્યાન રજી. પોસ્ટ એ. ડી./સ્પીડ પોસ્ટ દ્વારા જ સ્વીકારવામાં આવશે.
૩. ઓનલાઇનથી આવેલ ટેન્ડર ખોલવાની તારીખ.	શક્ય હશે તો તા. ૨૪/૦૩/૨૦૨૬ ના રોજ, ૧૧.૩૦ કલાક બાદ, કાર્યપાલક ઇજનેરશ્રી, પંચાયત સિંચાઇ સિંચાઇ વિભાગ, નવસારીની કચેરીમાં ખોલવામાં આવશે. (ફોન નં. ૦૨૬૩૭ - ૨૪૮૫૦૨)

આ કામની વિગતવાર નોટીસ આ કચેરીના નોટીસ બોર્ડ ઉપર ઉપરાંત વેબસાઇટ www.nwr.nprocure.com અને www.statetenders.gujarat.gov.in પર જોવા મળશે.

કાર્યપાલક ઇજનેર,
પંચાયત સિંચાઇ વિભાગ,
નવસારી.

માહિતી/નવસારી/૭૨૩/૨૦૨૬

બૅંક ઑફ બડૌદા Bank of Baroda

કવાસ શાખા, સુરત : ઘર નં.૬૨, નિશાળ ફળિયા, કવાસ, તા. ચોર્યાસી, જી.સુરત (ગુજરાત)–૩૯૪૫૧૦, ફોન : ૦૨૬૧–૨૮૬૦૨૪૨
Email : kavas@bankofbaroda.om

(સરફેસી એકટ, ૨૦૦૨ ના સેકશન ૧૩ ના સબ–સેકશન (૨) હેઠળ) દેવાદારને નોટીસ

પ્રતિ, ૧. **મેસર્સ રાધારાણી ક્રિએશન (એક ભાગીદાર પેઢી) (ભાગીદાર અતુલ અશોક કુમાર શર્મા અને શ્રીમતી નલીની શર્મા)**
સરનામું : પ્લોટ નં. ૨૭ – ૧ લો માળ, વિશાલ ઈન્ડસ્ટ્રીયલ સોસાયટી, નવજીવન સર્કલ નજીક, ઉધના મંગદલ્લા રોડ, સુરત– ૩૯૫૦૧૭.
૨. શ્રી અતુલ અશોક કુમાર શર્મા (ભાગીદાર), ૩. શ્રીમતી નલીની અતુલ શર્મા (ભાગીદાર)
એ–૫૦૧, આર્શીવાદ કોમ્પલેક્ષ, ઉમાભવન સામે, ભટાર રોડ, સુરત સીટી, સુરત, ગુજરાત– ૩૯૫૦૦૭

મહેરબાનશ્રી,
વિષય : અમારી કાવાસ શાખામાંથી મેળવેલ ક્રેડીટ સુવિધા અંગે.
અમારા **તા.૨૨.૦૭.૨૦૨૪** ના રોજના પત્ર ક્રમાંક : **BOB: KAVAS:2024**, માં જણાવ્યા મુજબ તમારૂ એડવાન્સ ખાતા ની ક્રેડીટ સુવિધાઓની મંજુરી અને મંજુરીની શરતો જણાવતા ઉપરોકત મંજુરીને અનુલક્ષીને તમારા દ્વારા જરૂરી સીકયુરીટી પુરી પાટીને ક્રેડીટ સુવિધાઓનો લાભ લેવામાં આવ્યો છે અને તેનો ઉપયોગ શરૂ કરવામાં આવ્યો હતો. વિવિધ લોન/ક્રેડીટ સુવિધા ખાતાઓમાં અને સીકયુરીટી ઈન્ટરેસ્ટ પુરી પાડી હતી જે ખાતાની બાકી વિગત નીચે મુજબ છે.

સુવિધાનો પ્રકાર	લીમીટ	મંજુરી પર વ્યાજનો દર	૧૬.૦૨.૨૦૨૬ ના રોજની બાકી	કરાર સહિત સુરક્ષિત કરેલ મિલકતની વિગત
ટર્મ લોન ખાતા નં. ૧૪૬૦૦ ૬૦૦૦૦ ૧૮૬૪	રૂા. ૫૦,૦૦,૦૦૦/– (અંકે રૂા. પંચાસ લાખ)	૯.૬૫% + ૨% (પેનલ વ્યાજ) વાર્ષિક	રૂા. ૪૩,૫૬,૩૦૭.૦૮ (લાગુ નહી કરેલ વ્યાજ સહિત રૂા.૧૭,૮૯૫.૭૩ + અનસર્વિસ્ડ વ્યાજ રૂા.૧,૧૩,૫૬૪.૦૦ + ચકવૃદ્ધિ વ્યાજ રૂા. ૭૧૬) + વધારાનું વ્યાજ અને તેના પરના અન્ય ચાર્જીસ	હાઈપોથીકેશન મશીનરી, ઈકયુપમેન્ટ, ૧) મલ્ટી એમ્બ્રોડરી મશીન + ૪ સિકવન્સ + ૪ કોર્ડિંગ મોડેલ : લીઝા પ્રો ૯ – ૯૨૩/૨૫૦/૧૩૫૦ અનુ નં. ૧૧૦૩૩૨૨ તમામ પ્રમાણભુત એસેસરીઝ સાથે ૨) મલ્ટી એમ્બ્રોડરી મશીન + ૪ સિકવન્સ + ૪ કોર્ડિંગ મોડેલ : લીઝા પ્રો ૯ – ૯૨૩/૨૫૦/૧૩૫૦ અનુ નં. ૧૧૦૩૩૨૬ તમામ પ્રમાણભુત એસેસરીઝ સાથે
કુલ :	રૂા. ૫૦,૦૦,૦૦૦/– (અંકે રૂા. પંચાસ લાખ)		રૂા. ૪૩,૫૬,૩૦૭.૦૮ (લાગુ નહી કરેલ વ્યાજ સહિત રૂા.૧૭,૮૯૫.૭૩ + અનસર્વિસ્ડ વ્યાજ રૂા.૧,૧૩,૫૬૪.૦૦ + ચકવૃદ્ધિ વ્યાજ રૂા. ૭૧૬) + વધારાનું વ્યાજ અને તેના પરના અન્ય ચાર્જીસ	

સુરક્ષિત મિલકત નું વર્ણન : ૧) મલ્ટી એમ્બ્રોડરી મશીન + ૪ સિકવન્સ + ૪ કોર્ડિંગ મોડેલ : લીઝા પ્રો ૯ – ૯૨૩/૨૫૦/૧૩૫૦ અનુ નં. ૧૧૦૩૩૨૨ તમામ પ્રમાણભુત એસેસરીઝ સાથે
૨) મલ્ટી એમ્બ્રોડરી મશીન + ૪ સિકવન્સ + ૪ કોર્ડિંગ મોડેલ : લીઝા પ્રો ૯ – ૯૨૩/૨૫૦/૧૩૫૦ અનુ નં. ૧૧૦૩૩૨૬ તમામ પ્રમાણભુત એસેસરીઝ સાથે. CERSAI ID: 400083158785

૧)લોન કરારના દસ્તાવેજોના આધારે બેંકની બાકી રકમ **રૂા.૫૦,૦૦,૦૦૦/–** ની જવાબદારી સ્વીકારી છે. ઉપરોકત બાકી રકમ **તા.૨૨.૦૭.૨૦૨૪** સુધીના વ્યાજ સહિત છે. ખાતામાં અન્ય ચાર્જીસ ઉધારેલ નથી. ૨) તમે જાણો છો કે તમે **ડિસેમ્બર–૨૦૨૫** ના રોજ પૂરા થયેલ માસ માં ઉપરોકત લોન / બાકી રકમના વ્યાજની ચુકવણી કરવામાં કસુર કરેલ છે. તમે **તા.૧૫.૧૧.૨૦૨૫** ના રોજ ચુકવણીમાં કસુર કરેલ છે. ૩) તમે કરેલ કસુર બદલ તમારૂં લોન એકાઉન્ટ **તા.૧૩.૦૨.૨૦૨૬** ના રોજ રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની જોગવાઈ મુજબ નોન–પરફોર્મીંગ એસેટ તરીકે વર્ગીકૃત કરેલ છે. અમે વારંવાર વિનંતી કરી છતાં તમે તમારી મૂળ રકમ અને તેના પરના વ્યાજ, ચુકવ્યા નથી. ૪) લોન સવલત પ્રત્યેની તમારી જવાબદારી અદા કરવામાં તમે કસુરવાર થયા છો નિષ્ફળ ગયા છો. ઉપરના પેરા–૧ માં જણાવેલ મિલકતો તમે ગીરો મુકેલ છે. જામીન સ્વરૂપે અને લોન ખાતું નોન–પરફોર્મીંગ એસેટ તરીકે વર્ગીકૃત થયેલ છે. આથી નોટીસ આપીએ છીએ કે સિકયુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટ એન્ડ ઈન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ ની કલમ ૧૩ ની પેટા કલમ (૨) મુજબ નોટીસ આપી તમને પુરેપુરી રકમ જમા કરાવી બેંક પ્રત્યેની **રૂા.૪૩,૫૬,૩૦૭.૦૮/– (રૂપિયા તેતાલીસ લાખ છપ્પન હજાર ત્રણસો સાત અને આઠ પૈસા પુરા)** + લાગુ નહી કરેલ વ્યાજ અને અનસર્વડ વ્યાજ અને અન્ય ચાર્જીસની જવાબદારી માં જણાવ્યા મુજબ નોટીસ મળ્યાના ૬૦ દિવસમાં ચુકવવા તમને જણાવાય છે. જણાવેલ તારીખ સુધીમાં તમામ બાકી રકમ વ્યાજ સાથે નહીં ચુકવો તો કથીત એકટની કલમ ૧૩ ની પેટા કલમ (૪) મુજબ વધુ કાર્યવાહી થશે. ૫) કૃપા કરી નોંધ લેશો, પુરી રકમ ચુકવવામાં નહિ આવે ત્યાં સુધી દરેક ઋણ સુવિધા માટે પેરા–૧ માં જણાવ્યા પ્રમાણેના દરેક વ્યાજ ચડવાનું ચાલુ રહેશે. ૬) તમારૂ ધ્યાન આ ધારાની પેટા કલમ–૧૩ તરફ દોરીએ છીએ જેની પરિભાષામાં પેરા–૧ માં જણાવેલ મિલકત વેચાણ, લીઝ કે અન્ય કોઈ રીતે સુરક્ષિત સંપત્તિને ટ્રાન્સફર કરવાનું તમારા પર પ્રતિબંધ મૂકવામાં આવે છે.(સામાન્ય ધંધાકીય કામકાજ સિવાય) વધુમાં અમે એ જણાવીએ છીએ કે, આ ધારાની કલમ ૧૩(૧૩) પ્રમાણે જોગવાઈઓનું પાલન ન કરવું આ ધારાની ૨૯ હેઠળ દંડનીય અપરાધ છે. ૭) વધુમાં અમે ધારા ૧૩ની પેટા કલમ (૮) મુજબ જો તમે બેંક ની બાકી રકમ વ્યાજ અને ખર્ચાઓ સહિત ચુકવી દઈ સુરક્ષિત કરેલ મિલકત–જાહેર હરાજી/ભાવપત્રક/ટેન્ડર/ખાનગી રીતે વેચાણ કરવા અંગેની નોટીસ પ્રસિદ્ધ થયા પહેલા છોડાવી શકો છો. મહેરબાની કરી નોંધ લેશો કે નોટીસની પ્રસિદ્ધિ પછી